| | | | |
|---|---|---|---|
| દાખલ કર્યા તારીખ | ૨૯–૦૭–૨૦૧૬ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૯–૦૭–૨૦૧૬ | | |
| નિકાલ કર્યા તારીખ | ૦૯–૦૭–૨૦૧૮ | | |
| સ મ ય ગા ળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧– | ૧૧ – | ૧૧ |

## મે. મહેસાણા જિલ્લાના સેશન્સ જજ સાહેબની અદાલત, મું. મહેસાણા.

**સેશન્સ કેસ નં.૧૦૨/૨૦૧૬**

**આંક:–૬૭**

**ફરીયાદી :–** **શ્રી સરકાર**

**વિરૂદ્ધ**

**આરોપીઓ:–** ૧. બજાણીયા કાન્તીભાઈ ખોડાભાઈ,
ઉ.વ.આ.૬૦, ધંધો–ખેતી,
રહે.અંબાવપુરા, તા.કડી,જી.મહેસાણા.

૨. ચૌહાણ રણવિરસિંહ જગદીશસિંહ,
ઉ.વ.આ.૩૩, ધંધો–વેપાર,
રહે.અમદાવાદ, ઘાટલોડીયા,
મકાન નં. ૨૦૩/૭, ભાગ્યોદય
સોસાયટી, સતાધાર રોડ, અમદાવાદ

૩. ઠાકોર જેસંગજી રણછોડજી,
ઉ.વ.આ.૩૫, ધંધો–મજુરી,
રહે. અંબાવપુરા, તા. કડી, જી.મહેસાણા.

૪. ઠાકોર તેજાજી સરદારજી,
ઉ.વ.આ.૩૨, ધંધો–નોકરી,
રહે. ચડાસણા,તા.કડી, જી.મહેસાણા.

**ગુનો :–** **ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯,૪૧૧, ૧૧૪ તથા આવશ્યક ચીજવસ્તુ ધારા અધિનિયમ કલમ ૩, ૭ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેઝ એકટ ૩, ૭ તથા પેટ્રોલીયમ મીનરલ પાઈપ લાઈન એકટની કલમ ૧૫ (૨) (૩) (૪) મુજબ.**

..................................................................

ફરીયાદી તરફે :– વિ.એ.પી.પી.શ્રી પી. કે.દવે

આરોપીઓ તરફે :– વિ.વકીલશ્રી પી.ડી.બ્રહ્મભટ્ટ

..................................................................

## –:: હુ ક મ :: –

(૧)... ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત મુજબ મોજે સુરજ, તા. જી. મહેસાણા ગામની સીમમાં આવેલ ઓ.એન.જી.સી.ના તેલ કુવા નં. એન.કે. ૪૬૩ ઉપર તારીખ ૦૮–૦૪–૨૦૧૬ ના પંદરથી વીસ દિવસ પહેલા આ કામના આરોપીઓએ તેલકુવા ઉપર એન્યુલન્સ વાલ્વમાં ફલેજ

લગાવી પાઈપ મારફતે આશરે ૩,૦૦૦/– લીટર જેટલુ કિંમત રૂા.૧,૦૫,૦૦૦/– નું તેલ આરોપી નં. ૧ ની ટાટા ૭૦૯ નં. જીજે–૧૫–એકસ–૪૧૭૯ માં ભરી લઈ જઈ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનો કર્યાનો આક્ષેપ છે.

ઉપરોકત બનાવ અંગેની ફરીયાદીની ફરીયાદ આધારે તપાસના અંતે કડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં. ૮૨/૨૦૧૬ થી ઈ. પી. કો. કલમ ૩૭૯, તથા આવશ્યક ચીજવસ્તુ ધારા અધિનિયમ કલમ ૩, ૭ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેઝ એકટ ૩, ૭ તથા પેટ્રોલીયમ મીનરલ પાઈપ લાઈન એકટની કલમ ૧૫(૨), ૩, ૪ મુજબનો ગુનો દાખલ થયેલ અને ત્યારબાદ તપાસ દરમ્યાન તપાસ કરનાર અધિકારીએ ઈ. પી. કો. કલમ ૪૧૧, ૧૧૪ નો ઉમેરો કરવા રીપોર્ટ કરેલ છે.

(૨)... સદર ગુનો દાખલ થતાં તપાસ કરનાર અધિકારીશ્રીએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ તેમજ પંચોની હાજરીમાં જરૂરી પંચનામાઓ કરેલ અને તપાસના અંતે પુરતો પુરાવો મળતાં આરોપીઓ વિરૂધ્ધ વિ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી કડીની કોર્ટમાં ચાર્જસીટ કરેલ જે ક્રિ.કેસ નં.૮૦૭/૨૦૧૬ થી નોંધાયેલ અને વિ.જયુડી. મેજી.ફર્સ્ટ કલાસશ્રી કડીનાએ સદરહું કેસનો ગુનો સેશન્સ અદાલતથી ઈન્સાફી કાર્યવાહી થઈ શકે તેવો હોઈ, ઈન્સાફી કાર્યવાહી અર્થે સદરહું કામ ક્રિમી. પ્રો. કોડની કલમ–૨૦૯ મુજબ કમીટ કરવામાં આવતા સેશન્સ કોર્ટમાં, સેશન્સ કેસ નં.૧૦૨/૨૦૧૬ થી રજીસ્ટરે લેવામાં આવેલ અને ત્યારબાદ સદરહું સેશન્સ કેસ ઈન્સાફી કાર્યવાહી માટે સેશન્સ કોર્ટમાં આવતાં અને

મુદતે આરોપી હાજર રહેતાં આરોપીને કેસના કાગળો આપ્યા અંગે અને વકીલશ્રી રોકયા અંગે પુરેપુરી ખાતરી કર્યા બાદ આરોપી વિરૂધ્ધ તારીખ ૧૬–૦૧–૨૦૧૬ નારોજ આંક–૧૧ થી ઈ. પી. કો. કલમ ૩૭૯,૪૧૧, ૧૧૪ તથા આવશ્યક ચીજવસ્તુ ધારા અધિનિયમ કલમ ૩, ૭ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેઝ એકટ ૩, ૭ તથા પેટ્રોલીયમ મીનરલ પાઈપ લાઈન એકટની કલમ ૧૫(૨), ૩, ૪ મુજબનું તહોમતનામું ફરમાવેલું છે. જે તહોમતનામું આરોપીઓને વાંચી સંભળાવતાં આરોપીઓ ગુનો કબુલ કરતા ન હોઈ ફરીયાદ પક્ષને સાક્ષી લાવવા સમય આપવામાં આવેલ છે.

(૩)... ફરીયાદ પક્ષ તરફથી આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

## –: મૌખિક પુરાવો :–

| અ.નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| | **ફરીયાદી તથા સાહેદો** | |
| ૧ | વિકાસચંન્દ્રસિંહ અખિલેશચંન્દ્રસિંહ (ફરીયાદી) | ૧૭ |
| ૨ | મનસુરી ઈમ્તીયાઝ નુરમહંમદ (પંચ સાહેદ) | ૧૯ |
| ૩ | દક્ષેશકુમાર ધિરજકુમાર જોષી (સાહેદ) | ૨૧ |
| ૪ | રાવળ ડાહયાભાઈ મંગળદાસ (પંચ સાહેદ) | ૨૩ |
| ૫ | દેસાઈ હરગોવનભાઈ બાબરભાઈ (પંચ સાહેદ) | ૨૫ |
| ૬ | મકવાણા ચંન્દ્રકાન્ત રેવાભાઈ (પંચ સાહેદ) | ૨૭ |
| ૭ | સોલંકી નટવરભાઈ બેચરભાઈ (સાહેદ) | ૩૨ |
| ૮ | પઠાણ અકબરખાન બિસ્મીલ્લાખાન (પંચ સાહેદ) | ૩૩ |

| | | |
|---|---|---|
| ૯ | સોલંકી પ્રવિણસિંહ દશરથસિંહ (પંચ સાહેદ) | ૩૭ |
| | **પોલીસ સાહેદ** | |
| ૧૦ | ઠાકોર રામાજી જવાનજી(પી.એસ.ઓ.) | ૩૮ |
| ૧૧ | ચૌધરી કિરણકુમાર ઘેમરભાઈ (પી.એસ.આઈ.) | ૪૪ |
| ૧૨ | અનિરૂધ્ધભાઈ ઘનશ્યામભાઈ (પી.એસ.આઈ.) | ૪૯ |

## -: દસ્તાવેજી પુરાવો :-

| **અ.નં.** | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદીની ફરીયાદ | ૧૮ |
| ૨ | કલમ ૨૭ મુજબનું ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદનું પંચનામું | ૨૦ |
| ૩ | કલમ-૨૭ મુજબનું કડી પોલીસે કરેલ પંચનામું | ૨૪ |
| ૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૮ |
| ૫ | વાહન કબજે કર્યાનું પંચનામું | ૨૯ |
| ૬ | કલમ-૨૭ મુજબનું ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદનું પંચનામું | ૩૪ |
| ૭ | ડેપ્યુટ હુકમ | ૪૦ |
| ૮ | એફ.એસ.એલ. અધિકારીનો રીપોર્ટ ચાર્જ અમલદારશ્રીનો રીપોર્ટ | ૪૫ |
| ૯ | ચાર્જ અમલદારશ્રીનો રીપોર્ટ | ૪૬ |
| ૧૦ | મુદ્દામાલ તથા કાગળો સોંપવા કરેલ રીપોર્ટ | ૫૦ |
| ૧૧ | આરોપીની અટકની નોંધ કરવા કરેલ રીપોર્ટ | ૫૧ |
| ૧૨ | એફ.એસ.એલ.નો પ્રાથમિક અહેવાલ | ૫૨ |
| ૧૩ | કલમ વધારાનો રીપોર્ટ | ૫૩ |

(૪)... આ કામે વિ.એ.પી.પી.શ્રી તરફથી આંક-૫૪ થી પોતાનો મૌખિક તથા લેખિત પુરાવો પુરો થયેલો હોવાનું જાહેર કરતાં કોર્ટે ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આ આરોપીઓનો વધુ જવાબ નોંધેલ જેમાં આરોપીઓએ તેમના વિરૂધ્ધના તમામ પુરાવાને નકારેલ છે અને તેઓ નિર્દોષ છે, કંઈ

જાણતા નથી અને તેમની વિરૂધ્ધ ખોટો કેસ કરેલ છે તેવો બચાવ લીધેલ છે.

તે સિવાય આરોપીઓએ જાતે સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના કોઈ સાહેદ તપાસેલ નથી.

(૫)... ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો પુરો થયા બાદ સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી પી.કે.દવે તથા આરોપીઓ તરફે વિ.વકીલશ્રી પી.ડી.બ્રહ્મભટ્ટની દલીલો સાંભળવામાં આવેલ છે.

**ફરીયાદ પક્ષ તરફથી વિ.એ.પી.પી.શ્રી પી.કે.દવેએ** તેમની દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે મૌખિક પુરાવામાં કુલ ૧૨ સાહેદોને તપાસેલ છે તેમજ કેટલાક દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે. આ કામે તપાસ કરનાર અમલદારે પોતાની જુબાનીમાં કરેલ કાર્યવાહી અંગે જે પુરાવો આપેલ છે તે ધ્યાને લેતાં આરોપીઓએ સદર ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર થયેલ છે.આ કામે આરોપીઓ પાસેથી પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલ છે જો કે  આ કામે ફરીયાદ પક્ષના અન્ય સાહેદોએ ફરીયાદ પક્ષને મદદ કરેલ નથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે પરંતુ આ કામે તપાસ કરનાર અધિકારી કે જે સ્વતંત્ર સાહેદ છે તેમની જુબાની નહી માનવા માટે કોઈ કારણ નથી. જેથી ફરીયાદ પક્ષ પોતાનો કેસ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી પુરવાર કરી શકેલ હોઈ આરોપીઓને દોષીત ઠરાવી સજા કરવા માટે રજુઆત કરેલ છે.

(૬)... આ કામે **આરોપીઓ તરફે વિ. વકીલશ્રી પી.ડી.બ્રહ્મભટ્ટ** દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, સદર કેસમાં ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ નથી. આ કામે પંદરેક દિવસ જેટલી મોડી ફરીયાદ દાખલ કરેલ છે. બનાવના કોઈ નજરે જોનાર સાહેદો નથી. શકના આધારે ખોટી રીતે અટક કરવામાં આવેલ છે. ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં તેમને બનાવની કોઈ જાત માહિતી નથી તેમજ આ કામે પંચ સાહેદો ફરી ગયેલા જાહેર થયેલ છે. આ કામે તપાસ કરનાર અધિકારીએ પોતાની ફરજને અનુરૂપ પુરાવો આપેલ છે પરંતુ તેમના પુરાવાને અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન મળતું ન હોય ત્યારે તપાસ કરનાર અધિકારીનો પુરાવો ગૌણ બની રહે છે જેથી ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ પક્ષની હકીકતોને લેશમાત્ર સમર્થન મળતું નહોઈ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૭)... આ કામે બંને પક્ષે થયેલ રજુઆતો તેમજ લેખીત તથા મૌખિક પુરાવાને ધ્યાને લેતાં કેસના આખરી નિકાલ સારૂ નીચે મુજબના મુદ્દાઓ મારા નિર્ણયો માટે ઉપસ્થિત થાય છે.

## -: મુદ્દાઓ :-

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, મોજે સુરજ, તા. જી. મહેસાણા ગામની સીમમાં આવેલ ઓ.એન.જી.સી.ના તેલ કુવા નં. એન.કે. ૪૬૩ ઉપર તારીખ ૦૮-૦૪-૨૦૧૬ ના પંદરથી વીસ દિવસ પહેલા આ કામના આરોપીઓએ તેલકુવા ઉપર એન્યુલન્સ વાલ્વમાં ફલેજ લગાવી પાઈપ મારફતે આશરે

૩,૦૦૦/– લીટર જેટલુ કિંમત રૂા.૧,૦૫,૦૦૦/– નું તેલ આરોપી નં. ૧ ની ટાટા ૭૦૯ નં. જીજે–૧૫–એકસ–૪૧૭૯ માં ભરી લઈ જઈ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી આરોપીઓએ **ભારતીય દંડ સંહિતાની કલમ** ૩૭૯,૪૧૧, ૧૧૪ તથા આવશ્યક ચીજવસ્તુ ધારા અધિનિયમ કલમ ૩, ૭ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેઝ એકટ ૩, ૭ તથા પેટ્રોલીયમ મીનરલ પાઈપ લાઈન એકટની કલમ ૧૫(૨), ૩, ૪ મુજબનો ગુનો કરેલ છે.?

(૨) શું હુકમ ?

(૮)... આ કામે રજુ થયેલ તમામ દસ્તાવેજો તથા તપાસવામાં આવેલ તમામ સાહેદોની જુબાની તથા બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતાં ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**–: નિ ર્ણ યો :–**

(૧) મુદ્દા નં. ૧ **ન કા રા ત્મ ક**

(૩) મુદ્દા નં. ૨ આખરી હુકમ મુજબ

(૯)... ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબના છે.

**–: કા ર ણો :–**

**મુદ્દા નં. ૧ .**

(૧૦)... આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરીએ તો ફરીયાદ પક્ષે તેમનો કેસ પુરવાર કરવા સારૂ આ કામે કુલ ૧૨ સાહેદોનો મૌખિક પુરાવો

રજુ કરવામાં આવેલ છે જેમાં ફરીયાદી તથા અન્ય સાહેદો તેમજ પોલીસ સાહેદોનો પુરાવો મહત્વનો ગણી શકાય તેમજ કેટલાક દસ્તાવેજી પુરાવા પણ રજુ કરવામાં આવેલ છે જે તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ ફરીયાદ પક્ષ તેમનો કેસ પુરવાર કરી શકેલ છે કે કેમ? તે અંગે હવે ચર્ચા કરવાની રહે છે.

(૧૧)... આ કામે ફરીયાદીની ફરીયાદ તથા તેમાં કરવામાં આવેલ આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપો ફરીયાદ પક્ષે સાબિત થાય છે કે કેમ? અને તે અંગે ફરીયાદ પક્ષ જરૂરી પુરાવા કે જે આધારે આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે માની શકાય તેવો પુરાવો રજુ કરવામાં સફળ થયેલ છે કે કેમ? તે અંગે ચર્ચા કરવાની રહે છે અને તે અંગે ચર્ચા કરીએ તો આ કામે ફરીયાદ પક્ષે **આંક-૧૭ થી વિકાસચંન્દ્રસિંહ અખિલેશચંન્દ્રસિંહ** ની સોગંદ ઉપર જુબાની નોંધવામાં આવેલ છે. આ સાહેદ પોતે ફરીયાદી છે અને તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૭/૪/૨૦૧૬ ના રોજ હું એન.કે.સી.ટી.એફ. ચાલાસણ ખાતે ઓ.એન.જી.સી.માં મારી ફરજ પર હાજર હતો તે વખતે સાંજના ૬-૦૦ વાગ્યે અમારા સિકયોરીટી ઈન્સપેકટર શ્રી ડી.ડી.જોષીનો ફોન આવેલો કે, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પી. એસ. આઈ. આઈ. કે. જાડેજા આવેલા છે અને તેમણે એક ટેન્કર ચોરીનું તેલ પકડેલ છે અને તેની સાથે કાંતિભાઈ ખોડાભાઈ બજાણીયા કે જે ચોરીમાં સામેલ છે તેને સાથે લઈને આવેલ છે અને તે કબુલ કરે છે કે, વેલ નં. એન. કે. ૪૬૩ ઉપરથી આશરે પંદરથી વીસ દિવસ પહેલાં તેમણે ૩૦૦૦ લીટર તેલ આશરે કિંમત

રૂા.૧,૦૫,૦૦૦/–નું એન્યુલર વાલ્વમાં ફલેન્જ લગાવી પાઈપ મારફતે આ આરોપીએ ટાટા ૭૦૯ જી.જે.૧૫ એકસ ૪૧૭૯ની ટેન્કરમાં ભરીને ચોરી કરી લઈ ગયેલ છે તેવું અમારી તેમજ સુરક્ષા નિરીક્ષક ડી.ડી.જોષી, રહે.મહેસાણા, ઓ.એન.જી.સી. પાલાવાસણા વાળાની રૂબરૂમાં જણાવેલ. જેથી બજાણીયા કાન્તિભાઈ ખોડાભાઈ, રહે. અંબાવપુરા,તા.કડીવાળા ઉપર ઓ.એન.જી.સી.ના તેલકુવા પરથી તેલની ચોરી કરી તેમજ વાલ્વ સાથે ચેડાં કરી રાષ્ટ્રીય સંપતિનું નુકશાન કરેલ હોઈ તેના વિરૂઘ્ધ ફરીયાદ આપેલી. મને માર્ક ૭/૨ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. જેને રજુ દાખલ **આંક ૧૮** આપવામાં આવે છે. આરોપીને હું ઓળખું છું. જે આજરોજ નામ. કોર્ટમાં હાજર છે તેને સાહેદ નામ. કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

**આ સાહેદ બચાવ પક્ષની ઉલટ તપાસમાં જણાવે છે કે,** એ વાત ખરી છે કે, ઓ.એન.જી.સી.માં થતી ચોરી બાબતે ફરીયાદ દાખલ કરવા માટે ઉપલા અધિકારીશ્રીની સુચના હોવી જરૂરી છે.એ વાત ખરી છે કે, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પી. એસ. આઈ. આઈ. કે. જાડેજા એ આપેલ માહિતી અન્વયે ઓ.એન.જી.સી.ના વેલ ઉપરથી ચોરી થયેલાનું મેં જાણેલું છે. અમારી પાસે થયેલ ઓઈલ ચોરી ની ખાત્રી કરવા માટેની કોઈ જ વ્યવસ્થા ન હોઈ મેં પી.એસ.આઈ. એ જે માહિતી આપેલી તે આધારે આગળની કાર્યવાહી કરેલી છે. એ વાત ખરી છે કે, બનાવ બાબતે પોલીસે મને જે માહિતી આપેલ તે સિવાય ચોરી બાબતની મને કોઈ જ અંગત જાતમાહિતી નથી. મને ચોરી કરી લઈ જવામાં આવેલ ઓઈલ વાળી ટ્રક નો નંબર યાદ છે અને તે નંબર જી. જે. ૧૫.એકસ.૪૧૭૯ છે. એ વાત ખરી છે કે, આ ગાડી નો કલર કયો છે તેની મને ખબર નથી. મેં

હાલની ફરીયાદ દાખલ કરવા માટેની પરવાનગી મેળવેલી જે હાલ મારી ઓફીસે છે. એ વાત ખરી નથી કે, મેં આવી કોઈ પરવાનગી લીધેલી જ નથી જેથી તે આજરોજ હું મારી સાથે લાવેલો નથી.

**આ સાહેદનો પુરાવો નજર સમક્ષ** રાખતાં તેઓએ હાલના ગુનાની ફરીયાદ આપેલ છે અને પોતાની ફરીયાદમાં જણાવેલ હકીકતોને સમર્થને કરેલ છે. પરંતુ આ સાહેદની આંક–૧૮ ની ફરીયાદ તેમજ સોગંદ ઉપરની સરતપાસની હકીકત તેમજ ઉલટ તપાસની હકીકતને નજર સમક્ષ રાખીએ તો આ સાહેદ પોતે બનાવના નજરે જોનાર સાહેદ નથી તેમજ બનાવના પંદર વીસ દિવસ બાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પી.એસ.આઈ. શ્રી આઈ.કે. જાડેજાએ આપેલ માહિતી આધારે ઓ. એન. જી. સી. ના વેલ ઉપરથી ચોરી થયેલાનું જાણેલ છે. એટલે કે ઉલટ તપાસમાં આ સાહેદે સ્પષ્ટપણે જણાવેલ છે કે, "અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ના પી.એસ. આઈ. આઈ. કે. જાડેજાએ આપેલ માહિતી અન્વયે ઓ. એન. જી. સી. ના વેલ ઉપરથી ચોરી થયેલાનું મેં જાણેલું છે. અમારી પાસે થયેલ ઓઈલ ચોરી ની ખાત્રી કરવા માટેની કોઈ જ વ્યવસ્થા ન હોઈ મેં પી.એસ.આઈ. એ જે માહિતી આપેલી તે આધારે આગળની કાર્યવાહી કરેલી છે. બનાવ બાબતે પોલીસે મને જે માહિતી આપેલ તે સિવાય ચોરી બાબતની મને કોઈ જ અંગત જાતમાહિતી નથી એટલે કે આ સાહેદનો પુરાવો નજર સમક્ષ રાખતાં તેઓને બનાવની કોઈ જાત માહિતી હોય અથવા તો બનાવના તેઓ નજરે જોનાર સાહેદ હોય તેવુ નથી પરંતુ હીયર–સે વીટનેશ હોઈ તેમના પુરાવાને આધારભુત પુરાવો ગણી શકાય તેમ નથી. વધુમાં આ સાહેદે જે ફરીયાદ આપેલ છે તે એકજ આરોપી

બજાણીયા કાન્તીભાઈ ખોડાભાઈ વિરૂધ્ધ આપેલ છે પરંતુ અન્ય આરોપીઓનો બનાવમાં શું રોલ હતો તે અંગે કોઈ સ્પષ્ટતા તેમની ફરીયાદ કે સોગંદ ઉપરની જુબાનીમાં કરેલ નથી જેથી આ સાહેદનો પુરાવો આરોપી વિરૂધ્ધના ગુનામાં ગ્રાહય રાખી શકાય તેમ નથી.

(૧૨)... ફરીયાદ પક્ષે **આંક–૨૧ થી દક્ષેશકુમાર ધિરજકુમાર જોષીની** સોગંદ ઉપર જુબાની નોંધવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું ઉપર બતાવેલ સરનામે રહું છું અને મહેસાણા પાલવાસણા ખાતે આવેલ મહેસાણા ઓ.એન.જી.સી. માં સુરક્ષા નિરીક્ષક તરીકે નોકરી કરું છું. મારે મહેસાણાના ઓ.એન.જી. સી. ના તમામ યુનિટ સુપરવિઝનમાં આવે છે. તારીખ : ૭/૪/૨૦૧૬ ના રોજ અમારા ઓ.એન.જી.સી.ના ટેલીફોનીક મેસેજ થી ઈન્ચાર્જ સિકયોરીટી શ્રી મેજર વી.કે.સિંહ ધ્વારા જાણ કરેલ કે, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીશ્રી કે.આઈ.જાડેજા એન.કે.૪૬૩ નંબરના વેલ ઉપર ચાલાસણ ગામની સીમમાં આવેલ વેલ ઉપર આવેલ છે તો મને વેલ ઉપર જવાની સુચના આપેલી.ક્રાઈમ બ્રાન્ચના અધિકારી શ્રી કે.આઈ. જાડેજા ની સાથે એક આરોપી હાજર હતા જેનું નામ ઠામ પુછતાં તેનું નામ બજાણીયા કાંતિભાઈ ખોડાભાઈ, રહે.અંબાવપુરા, તા.કડીવાળો હોવાનું જણાવેલું. જેણે મારી રુબરુમાં એવી હકીકત જાહેર કરેલ કે, આજથી પંદર વીસ દિવસ પહેલાં કુવા નં.એન.કે.૪૬૩ ઉપરથી એન્યુલસ વાલ્વમાં ફલેન્જ લગાવી પાઈપ મારફત ટાટા ૭૦૯ ગાડીમાં જેનો નંબર જે.જે.૧૫ એકસ ૪૧૭૯ માં ત્રણેક હજાર લીટર ઓઈલ કિંમત રૂપિયા આશરે એક લાખ પાંચ હજારનું

ચોરી લઈ ગયેલાનું અમારા ચીફ એન્જી. શ્રી વિકાસચંદ્રની રૂબરૂમાં ઉપરોકત હકીકત જણાવેલી. ફરીયાદ અમારા ચીફ એન્જી. વિકાસચંદ્રસિંહે આરોપી વિરૂધ્ધ કડી પોલીસ સ્ટેશનમાં આપેલી. પોલીસે બનાવ સંબંધે મારી પુછપરછ કરેલી. આરોપીને હું ઓળખું છું. જે આજરોજ નામ. કોર્ટમાં હાજર છે.

**આ સાહેદ બચાવ પક્ષની ઉલટ તપાસમાં જણાવે છે કે,** મહેસાણા ઓ.એન.જી.સી ખાતે હું સિકયોરીટી વિભાગમાં તા.૨૫/૪/૨૦૧૨ના રોજથી ફરજ ઉપર જોડાયેલો છું. એ વાત ખરી છે કે, મહેસાણા ખાતે ઓ.એન.જી.સી. ના આવેલ તમામ તેલના કુવાઓનું સિકયોરીટીની દ્રષ્ટિએ સુપરવિઝન અને દેખરેખ રાખવાની મારી ફરજ છે. મને આ બાબતનો મેસેજ સાંજે ૫–૦૦ વાગ્યાના અરસામાં મળેલો છે. મને પ્રાપ્ત થયેલ મેસેજ ટેલીફોનથી મળેલો છે. એ વાત ખરી છે કે, જે સમયે મને મેસેજ પ્રાપ્ત થયેલો ત્યારે મારી નોકરી પાલાવાસણા મુકામે હતી. હું વેલ નં.૪૬૩ પર પહોંચેલો તે વખતે ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદના પી.એસ.આઈ. કે.આઈ.જાડેજા, આરોપી કાંતિભાઈ તથા ફરીયાદી વિકાસચન્દ્રસિંહ હાજર હતા. એ વાત ખરી છે કે, ઓ.એન.જી.સી.ના વેલ નંબર ૪૬૩ ની ફરતે આવેલ જગ્યાઓ ખુલ્લી છે. ઓ.એન.જી.સી. ના વેલ નં.૪૬૩ ને ઓળખવા માટેની નિશાનીઓ સ્થળ ઉપર કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, મેં બનાવવાળું મેટાડોર જોયેલું નથી અને માત્ર ક્રાઈમ બ્રાન્ચના પી.એસ.આઈ. ના કહેવાથી મેટાડોરનો નંબર જાણું છું. એ વાત ખરી છે કે, પોલીસવાળાના કહેવાથી મેં આરોપી કાંતિભાઈ બજાણીયાને ઓળખેલા. એ વાત ખરી છે કે, થયેલ

ઓઈલ ચોરી ની મને જાતમાહિતી નથી. મને પી.એસ.આઈ. જાડેજા ધ્વારા ઓઈલ ચોરીની જાણ થયેલી છે.

**એટલે કે આ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં** તેઓ બનાવ સમયે ઓ.એન.જી.સી. ખાતે સીકયોરીટી વિભાગમાં ફરજ બજાવતા હતા અને તેઓને ફરીયાદી ધ્વારા મેસેજ કરવામાં આવતાં બનાવ સ્થળે ગયેલ છે જયાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પી.એસ.આઈ. શ્રી આઈ.કે. જાડેજાએ આપેલ માહિતી આધારે ઓ.એન.જી.સી.ના વેલ ઉપરથી ચોરી થયેલાનું જાણેલ છે તેમજ સદરહું ગુનામાં આરોપીની સંડોવણી તેમજ મેટાડોરનો નંબર પણ તેઓના કહેવાથી જાણેલ છે એટલે કે આ સાહેદનો પુરાવો નજર સમક્ષ રાખતાં તેઓને પણ બનાવની કોઈ જાત માહિતી હોય તેવું રેકર્ડ ઉપર આવતું નથી.

(૧૩)... ફરીયાદ પક્ષે **આંક-૩૨ થી નટવરભાઈ બેચરભાઈ સોલંકીની** સોગંદ ઉપર જુબાની નોંધવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું ઉપર બતાવેલ સરનામે મારા પરિવાર સાથે રહું છું અને અમદાવાદ ઓ.એન.જી.સી. એસેટ ચાંદખેડા ખાતે સુરક્ષા વિભાગમાં આસીસ્ટન્ટ સિકયોરીટી ઓફીસર તરીકે બનાવના અગાઉ ફરજ બજાવતો હતો અને બનાવના સમયે મારી નોકરી કલોલ તથા કડી વિસ્તારના ઓ.એન.જી.સી. કંપનીમાં આવેલ તેલના કુવાઓના ઈન્સ્ટોલેશન તથા તેલની પાઈપલાઈનની દેખભાળ રાખવાનું હતું. હું મારી ફરજ પર હાજર હતો તે દરમ્યાનમાં સાડા ત્રણ વાગ્યે અમદાવાદ સિકયોરીટી કંટ્રોલરૂમમાંથી મોબાઈલ મેસેજ આવેલો. કડી ખાતેના ફીલ્ડમાં તેલકુવા ઉપર ચોરી થયેલ છે તો આપશ્રી કડી ખાતે આવેલ પોલીસ

વિભાગના માણસોને સ્થળ બતાવવા માટે લઈ જશો. ત્યારબાદ મારી સિકયોરીટી ઓફીસની સરકારી ગાડી લઈ હું કડી ખાતે ગયેલો. કડી ખાતે ભારત પેટ્રોલપંપ આગળ પોલીસની એક જીપમાં પોલીસ સ્ટાફ બેઠેલો. તે લોકોએ કહેલ કે, આપ અમારી પાછળ પાછળ બનાવના સ્થળે ચાલો. હું મારી સરકારી ગાડી લઈ કડી વિસ્તારના તેલકુવા જોતાં મને બતાવેલ એન.કે. ૪૬૩ નંબરનો તેલનો કુવો અમારી ફીલ્ડમાં હતો નહિ. આ નંબરનો તેલકુવો મહેસાણા ઓ.એન.જી.સી. એસેસ વિભાગની ફીલ્ડમાં આવેલ હતો. ત્યારબાદ તેલકુવાના સ્થળે જતાં ત્યાં થોડાક માણસો હાજરહતા. કોઈ પોલીસ અધિકારીશ્રીએ મારું નામ સરનામું અને કયાં નોકરી કરો છો તે નોંધી દીધેલ. આ તેલચોરી વિભાગમાં મને આના સિવાય કોઈપણ જાતની માહિતી નથી.

એટલે કે આ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતોને તેમજ તેમના પોલીસ રૂબરૂના નિવેદનોને સમર્થન મળતું ન હોઈ વિ. એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે તેમજ કોર્ટની પરવાનગીથી સદરહું સાહેદની વિ.એ.પી.પી.શ્રી દ્વારા ઉલટ તપાસ પણ કરવામાં આવેલ છે પરંતુ તેમની ઉલટ તપાસમાં પણ ફરીયાદ પક્ષને સમર્થનકર્તા કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

(૧૪)... ફરીયાદ પક્ષે રજુ થયેલ **પંચ સાહેદો**ના પુરાવાની ચર્ચા કરીએ તો આ કામે **આંક-૧૯ થી ઈમ્તીયાઝ નુરમહંમદ મનસુરી તેમજ આંક-૨૫ થી દેસાઈ હરગોવનભાઈ બાબરભાઈની** સોગંદ ઉપર જુબાની નોંધવામાં આવેલ છે.

આ પંચ સાહેદો આંક–૨૦ ના ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે. આ સાહેદો તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સદરહું પંચનામાની હકીકતોને સમર્થન આપતા ન હોઈ વિ. એ. પી. પી. શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે તેમજ તેમની ફરીયાદ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ કોઈ સમર્થનકર્તા હકીકત પંચનામાને લગતી નીકળી આવતી નથી જેથી સદરહું પંચનામાની હકીકત ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૫)... આ કામે **આંક–૨૩ થી રાવળ ડાહયાભાઈ મંગળદાસ તેમજ આંક–૩૭ થી સોલંકી પ્રવિણસિંહ દશરથસિંહની** સોગંદ ઉપર જુબાની નોંધવામાં આવેલ છે.

આ પંચ સાહેદો આંક–૨૪ ના ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે. આ સાહેદો તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સદરહું પંચનામાની હકીકતોને સમર્થન આપતા ન હોઈ વિ. એ. પી. પી. શ્રી ની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે તેમજ તેમની ફરીયાદ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ કોઈ સમર્થનકર્તા હકીકત પંચનામાને લગતી નીકળી આવતી નથી જેથી સદરહું પંચનામાની હકીકત ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૬)... આ કામે **આંક–૨૭ થી મકવાણા ચંન્દ્રકાન્ત રેવાભાઈ ની** સોગંદ ઉપર જુબાની નોંધવામાં આવેલ છે.

આ પંચ સાહેદો આંક–૨૮ ના ગુનાવાળી જગ્યાના તેમજ આંક–૨૯ ના મુદ્દામાલ વાહન કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સદરહું પંચનામાની હકીકતોને સમર્થન આપતા ન હોઈ વિ. એ. પી. પી. શ્રી ની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે તેમજ તેમની ફરીયાદ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ કોઈ સમર્થનકર્તા હકીકત પંચનામાને લગતી નીકળી આવતી નથી જેથી સદરહું પંચનામાની હકીકત ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૭)... આ કામે **આંક–૩૩ થી પઠાણ અકબરખાન બિસ્મીલ્લાખાનની** સોગંદ ઉપર જુબાની નોંધવામાં આવેલ છે.

આ પંચ સાહેદો આંક–૩૪ ના મુદ્દામાલની ચીજવસ્તુ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સદરહું પંચનામાની હકીકતોને સમર્થન આપતા ન હોઈ વિ. એ. પી. પી. શ્રી ની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે તેમજ તેમની ફરીયાદ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ કોઈ સમર્થનકર્તા હકીકત પંચનામાને લગતી નીકળી આવતી નથી જેથી સદરહું પંચનામાની હકીકત ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૮)... ફરીયાદ પક્ષે રજુ થયેલ **પોલીસ સાહેદોનો** પુરાવો નજર સમક્ષ રાખીએ તો આ કામે ફરીયાદ પક્ષે **આંક–૩૮ થી ઠાકોર રામાજી જવાનજી** કે જેઓ બનાવ સમયે પી.એસ.ઓ. તરીકે ચાર્જમાં હતા તેઓ તેમની સોગંદ

ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તારીખ : ૮/૪/૨૦૧૬ ના રોજ કડી પોલીસ સ્ટેશનમાં કલાક ૧૨–૦૦ થી પી.એસ.ઓ. તરીકે હું મારી ફરજ પર હાજર હતો તે દરમ્યાન ફરીયાદી શ્રી વિકાસચંદ્રસિંહ અખિલેશ રાજપુતનાઓએ મારી રૂબરૂમાં ફરીયાદ હકીકત જાહેર કરતાં ફરીયાદ મારા હસ્તાક્ષરમાં લખી લઈ નીચે ફરીયાદીની સહી લઈ રૂબરૂમાં મારી સહી કરેલી. ત્યારબાદ સદરહુ ફરીયાદ અમોએ પોલીસ સ્ટેશન ડાયરીમાં પાના નં.૫૭ ઉપર અનુ.નં.૧૧ થી કલાક ૧૪–૩૦ વાગ્યે ફ. ગુ.ર.નં.૮૨/૨૦૧૬ થી ઈ.પી.કો. કલમ ૩૭૯, પ.પ્રો.એકટ કલમ ૩,૭ તથા આવશ્યક ચીજધારા કલમ ૩, ૭ તેમજ પેટ્રોલીયમ તથા મીનીરલ પાઈપ એકટ કલમ ૧૫(૨)(૩)(૪) મુજબ ગુનો રજીસ્ટર કરેલ અને સદરહુ ગુનાની આગળની તપાસ પી.એસ.આઈ. શ્રી એ.જી.પરમાર સાહેબને ડેપ્યુટ હુકમ કરી સોંપેલ. મને આંક–૧૮ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જે ફરીયાદીએ લખાવ્યા મુજબ લખી લઈ નીચે તેઓની સહી લઈ રૂબરૂમાં મારી સહી કરેલી. મને માર્ક ૭/૧ બતાવવામાં આવે છે જે ગુનાની તપાસ સારૂ કરેલ ડેપ્યુટ હુકમ છે. જે નીચે મારી સહી છે જે સહી હું ઓળખું છું. જેને રજુ દાખલ **આંક ૪૦** આપવામાં આવે છે. આ સિવાય બીજી કોઈ કાર્યવાહી મેં કરેલી નહિ.

**સદર સાહેદ તેમની બચાવ પક્ષે થયેલ ઉલટ તપાસમાં** જણાવે છે કે એ વાત ખરી નથી કે, કોઈપણ ગુન્હાની એફ.આઈ.આર. નોંધવી હોય તો મારે ઉપરી અધિકારીને ફોન કરીને અથવા રૂબરૂમાં સુચના મેળવવાની રહે છે. એ વાત ખરી નથી કે, હાલનો ફરીયાદવાળો ગુન્હો દાખલ કરતાં અગાઉ મેં ઉપરી અધિકારીની પરવાનગી મેળવેલ નથી.

સાહેદ જણાવે છે કે, ગંભીર પ્રકારનો ગુન્હો હોઈ ફરીયાદ દાખલ કરવાની પરવાનગી મેળવવાની કોઈ જ જરૂરિયાત ન હતી.

**એટલે કે આ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં** તેઓએ પી. એસ . ઓ તરીકેની તેમની ફરજ દરમ્યાન સદરહું ગુનો દાખલ કરી આગળની તપાસ ડેપ્યુટ હુકમથી સોંપેલાની હકીકત નીકળી આવે છે જો કે તે સિવાય તેઓએ અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૧૯)... આ કામે ફરીયાદ પક્ષે **આંક-૪૪ થી ચૌધરી કિરણકુમાર ઘેમરભાઈ** ની સોગંદ ઉપર જુબાની નોંધવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગયા એપ્રિલ ૨૦૧૬ ના વર્ષમાં હું ક્રાઈમ બ્રાન્ચમાં પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતો હતો. સાથેના પોલીસ કોન્સ્ટેબલ જગદીશભાઈનાઓને મળેલ બાતમી હકીકત આધારે બે પંચોને બોલાવી સાથેના પોલીસ માણસો સાથે ભાડજ ગામે બાતમીવાળી જગ્યાએ જતાં એક આઈસર ૪૦૭ વાદળી કલરનું કે જેમાં માલ ભરવાની જગ્યાએ એક લોખંડનું ટાંકું મુકેલ હતું જે આશરે ૫૦૦૦ લીટરની કેપેસીટીવાળું હતું. તેની આજુબાજુમાં કેટલાક ઈસમો મળી આવેલા જેને અટકાવી પંચો રૂબરૂ તેમના નામઠામ પુછતાં રણવીરસિંહ ચૌહાણ, કાન્તીભાઈ બજાણીયા, તેજાજી ઠાકોર તેમજ જેસંગજી ઠાકોરનાઓ હોવાનું જણાવેલ. આ ટાંકાની નીચેથી માલ કાઢવા માટે એક લીલા કલરની પાઈપ લગાડેલી હતી. તેમજ આ રણવીરસિંહ ચૌહાણે પ્રકાશભાઈ દેસાઈને ત્યાં એક ઓરડી ભાડેથી રાખેલી હતી. જેમાં કેટલાક બેરલો અને કેરબા કાળા

કલરના ઘટ્ટ પ્રવાહી ભરેલા હતા તેમજ ટાંકીની પાછળ લગાવેલી પાઈપમાંથી કાળા કલરનું ઘટ્ટ પ્રવાહી ચોંટેલ હતું. જે પ્રથમ દ્રષ્ટિએ જોતાં મળેલ બાતમી મુજબનું ક્રુડ ઓઈલ હોવાનું જણાતું હતું. જેથી, એફ.એસ.એલ. અધિકારીને ફોન મારફતે જગ્યા ઉપર બોલાવી તેમની રૂબરૂમાં પ્રાથમીક તપાસ કરાવી જરૂરી નમુનાઓ સેમ્પલ સારૂ લઈ કાર્યવાહી હાથ ધરેલી. આ ચારેય જણાઓને આ મુદ્દામાલ બાબતે પુછપરછ કરતાં કોઈ સંતોષકારક જવાબ આપેલ નહિ.આ ઓરડીમાંથી મળેલ ચાર પ્લાસ્ટીકના બેરલ તેમજ એક પતરાંનું બેરલ જે તમામ આશરે બસો લીટરનું તેમજ પાંચ કેરબા દરેક ચાલીસ લીટરના ભરેલા હતા. જેને પંચનામાની વિગતે કબ્જે લઈ આ ક્રુડ ઓઈલના કબ્જા બાબતે સદરી આરોપીઓ પાસેથી કોઈ સંતોષકારક જવાબ ન હોઈ આ મુદ્દામાલ ચોરી અગર તો છળકપટથી મેળવેલાનું પ્રાથમીક રીતે જણાઈ આવતાં તમામ આરોપીઓને સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(ડી) મુજબ અટક કરી આગળની તપાસ સાથેના પોલીસ સબ ઈન્સપેકટર શ્રી કે.આઈ.જાડેજાને સોંપવા સારૂ પી.એસ.ઓ.ને રીપોર્ટ કરેલો. મને આંક ૩૪ વાળું પંચનામું બતાવવામાં આવે છે જે પંચનામું બંને પંચોની રૂબરૂમાં કરેલું તથા તેમાં રૂબરૂકર્તા તરીકે મારી સહી કરેલી તેમજ મારી રૂબરૂમાં બંને પંચોએ સહીઓ કરેલી. મને માર્ક ૭/૧૧ વાળો એફ.એસ.એલ. અધિકારીને કરેલ રીપોર્ટ બતાવવામાં આવે છે જે રીપોર્ટ સ્થળ ઉપર એફ.એસ.એલ.અધિકારીને પધારીને પકડેલ પ્રવાહીની તપાસણી કરી સ્થળપરીક્ષણ કરી આપવા બાબતનો રીપોર્ટ છે જેમાં મારી સહી છે જે સહી હું ઓળખું છું. જેને રજુ દાખલ **આંક ૪૫** આપવામાં આવે છે.મને માર્ક ૭/૧૦ બતાવવામાં આવે છે જે ચાર્જ અમલદારશ્રી, ક્રાઈમબ્રાન્ચ,

અમદાવાદ શહેરને કરેલ રીપોર્ટ છે જેમાં મારી સહી છે જે હું ઓળખું છું. જેને રજુ દાખલ આંક ૪૬ આપવામાં આવે છે.બનાવના કામે મને પ્રાપ્ત થયેલ બાતમી કે જે વ્યકિત વિરૂધ્ધની હતી તે રણવીરસિંહ જગદીશસિંહ ચૌહાણ બાતમીવાળા સ્થળ અને મકાનમાંથી મળી આવેલ હતો તેમજ તેની સાથે બીજા અન્ય ત્રણ ઈસમો પણ મળી આવેલ હતા તેમ મળી કુલ ચાર ઈસમો બાતમીવાળા સ્થળે થી ક્રુડ ઓઈલના બેરલો તથા જીપ સાથે મળી આવેલા જે ઈસમોને હું ઓળખું છું. જે પૈકી આજરોજ બે આરોપી રણવીરસિંહ જગદીશસિંહ તથા તેજાજી સરદારજી નામ. કોર્ટમાં હાજર છે તે સિવાયના અન્ય બે આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર નથી જેના ચાર્જશીટ સાથેના ફોટા મને બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, તે બજાણીયા કાન્તિભાઈ ખોડાભાઈ અને ઠાકોર જેસંગજી રણછોડજી છે જેઓને હું ઓળખું છું અને આ જ વ્યકિતઓ બાતમીવાળા સ્થળે હાજર હતા કે જેઓની હાજરીમાં મેં આંક– ૩૪ વાળા પંચનામામાં જણાવ્યા મુજબનો મુદ્દામાલ તેમની પાસેથી કબ્જે કરેલ હતો.

**બચાવ પક્ષની ઉલટ તપાસમાં** તેઓએજણાવેલ છે કે, હું અમારી ક્રાઈમ બ્રાન્ચની ઓફીસે તા.૭/૪/૨૦૧૬ ના રોજ હાજર હતો તે વખતે અમારા ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશનના કોન્સટેબલ જગદીશભાઈ તરફથી બાતમી મળેલ હતી. હું અમારી ઓફીસેથી આશરે અગિયાર વાગ્યે નીકળેલ અને સાડા અગિયાર થી પોણા બાર વાગ્યાના અરસામાં બાતમીવાળા સ્થળે પહોંચેલ છું. એ વાત ખરી નથી કે, એવું બનેલ નહિ કે, હું બાતમીવાળા સ્થળે પહોંચતાં ત્યાં તાળું મારેલ હતું. અમોને બનાવવાળા સ્થળની ચોકકસ બાતમી મળતાં અમે તે મુજબ સીધા જ બાતમીવાળા સ્થળે પહોંચી ગયેલ હતા. બનાવવાળા સ્થળની ઉત્તરે શું આવેલ

છે અને દક્ષિણે શું આવેલ છે તે હાલ મને યાદ નથી. પશ્ચિમ બાજુની છેલ્લી ઓરડી છે તેમજ એના પછી પશ્ચિમે ખુલ્લો વાડો છે અને પુર્વમાં તેને અડીને લાઇનબંધ ઓરડીઓ આવેલ છે. પુર્વ દિશાએ આવેલ લાઇનબંધ ઓરડીઓ કોની છે તેની મને ખબર નથી. પશ્ચિમે આવેલ વાડાની માલિકી કોની છે તે બાબતે મેં તપાસ કરેલી નથી. આ ઓરડીને કોઈ માળ નથી. હું બાતમીવાળા સ્થળે પહોંચ્યો તે વખતે રણવીરસિંહ અને કાન્તિભાઈ બજાણીયા ઓરડીમાં બેઠેલા હતા જયારે બીજા બે માણસો ૭૦૯ ગાડી ઉપર હતા. ૭૦૯ ગાડી બાતમીવાળી ઓરડીની પશ્ચિમ દિશા તરફ પડેલી હતી. આ ૭૦૯ ગાડીનો રજીસ્ટ્રેશન નંબર હાલ હું કહી શકું તેમ નથી.આ ૭૦૯ ગાડી વાદળી કલરની હતી. હું બાતમીવાળા સ્થળે પહોંચ્યો ત્યારે ત્યાં હાજર માણસોએ કે જેઓ કામમાં હતા તેઓને મેં કોર્ડન કરીને પકડી લીધેલા, તેઓએ નાસીભાગી જવાનો પ્રયત્ન કરેલો નથી. બાતમીવાળા સ્થળે આરોપીઓ શું કામગીરી કરતાં હતા તે હું કહી શકું નહિ. મેં બાતમીવાળા સ્થળેથી ઓઈલ કબ્જે કરતાં અગાઉ તેઓ પાસેથી ઓઈલ રાખવા બાબતના લાયસન્સની માંગણી કરેલી હતી. એ વાત મારા ધ્યાનમાં નથી કે, આરોપી નં.ર રણવીરસિંહ ઓઈલ લાવીને વેચવાનું લાયસન્સ ધરાવે છે કે કેમ? એ વાત ખરી નથી કે, આરોપી નં.ર રણવીરસિંહે તેની પાસેનું લાયસન્સ મને બતાવેલ પરંતુ તે મેં જોયેલ નહિ. એ વાત ખરી નથી કે, આંક ૩૪ વાળા પંચનામામાં જણાવ્યા મુજબની વિગતે બેરલમાં ભરેલ ઓઈલ આરોપી નં.ર જુદા જુદા ગેરેજોમાંથી ભેગું કરીને લાવેલ ઓઈલ છે અને તે આરોપી ભેગું કર્યા બાદ વેચતો હતો તે ઓઈલ છે.એ વાત ખરી નથી કે,આરોપીઓના કબ્જામાંથીકોઈપણ પ્રકારનું

ગેરકાયદેસરનું ક્રુડ ઓઈલ મળી આવેલ ન હોવા છતાં તે પંચનામાની વિગતે ખોટી રીતે કબ્જે લીધેલ છે .

**આ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં** તેઓ ક્રાઈમ બ્રાન્ચમાં પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે સાથેના પોલીસ કોન્સટેબલ જગદીશભાઈનાઓને મળેલ બાતમી હકીકત આધારે બે પંચોને બોલાવી સાથેના પોલીસ માણસો સાથે ભાડજ ગામે બાતમીવાળી જગ્યાએ જઈ પંચો રૂબરૂ મુદ્દામાલનુ ટેન્કર તેમજ આરોપીઓને અટક કર્યાની હકીકત જણાવે છે પરંતુ આ કામે ઉલટ તપાસની હકીકત ધ્યાને લેતાં સદરહું આરોપીઓની પંચો રૂબરૂ જે પંચનામાની કાર્યવાહી બાદ મુદ્દામાલ સાથે અટક કરવામાં આવેલ છે તે જે તે સમયે કલમ ૪૧(૧)(ડી) મુજબ તેમની અટકાયત કરવામાં આવેલ છે અને ત્યારબાદ સદરહું ગુનો દાખલ કરવામાં આવેલ છેઈ એટલે કે આ સાહેદની ઉલટ તપાસની હકીકત ધ્યાને લેતાં તેઓએ સ્પષ્ટ જણાવેલ છે કે તેઓ બાતમીવાળા સ્થળે આરોપીઓ શું કામગીરી કરતાં હતા તે હું કહી શકુ નહી એટલે કે આરોપીઓ કઈ જગ્યાએ શું કાર્યવાહી કરતા હતા તે અંગેની કોઈ સ્પષ્ટતા કરેલ નથી તેમજ આ કામે જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે તે હાલના ગુનાનો ચોરીનો મુદ્દામાલ હોવા અંગેની પણ કોઈ સ્પષ્ટ હકીકત તેમના પુરાવામાં નીકળી આવતી નથી પરંતુ માત્ર શકના આધારે આગળની તપાસ થવા સારૂ આરોપીઓની કલમ ૪૧(૧) (ડી) હેઠળ અટકાયત કરવામાં આવેલ છે. વધુમાં આ સાહેદે જે મુદ્દામાલની કબજે લેવાની કાર્યવાહી કરેલ છે તેમાં પંચ તરીકે કોણ હતું તે યાદ નહી હોવાનું જણાવે છે તેમજ આંક – ૩૪ ના પંચનામાના પંચોની સોગંદ ઉપરની

જુબાની ધ્યાને લઈએ તો તેઓએ સદરહું પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી અને ફરી ગયેલા જાહેર થયેલ છે એટલે કે આ સાહેદ કે જેઓ પોતે પોલીસ સાહેદ છે તેઓએ પોતાની ફરજને અનુરૂપ પુરાવો આપવાનો પ્રયત્ન કરેલ છે તેમના પુરાવાને પંચ સાહેદના પુરાવાથી પણ સમર્થન મળતું નથી જેથી આ સાહેદનો પુરાવો પણ આરોપીઓ વિરૃધ્ધના પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(૨૦)... આ કામે ફરીયાદ પક્ષે **આંક-૪૯ થી અનિરૂધ્ધભાઈ ઘનશ્યામભાઈ** ની સોગંદ ઉપર જુબાની નોંધવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,ગઈ તા.૮/૪/૨૦૧૬ના રોજ કડી પો.સ્ટેશનમાં હું પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન પી.એસ.ઓ.રામાજી જવાનજી તરફથી મને ફરીયાદ વાળા ગુન્હાની તપાસ ડેપ્યુટ હુકમ તથા ફરીયાદ તથા તે લગતના પંચનામા સાથે પ્રાપ્ત થતા મેં તે તપાસ સંભાળી લીધેલી અને તપાસના કામે મારી સમક્ષ લાવવામાં આરોપી બજાણીયા કાંતીભાઈ ખોડાભાઈ તથા ફરીયાદી વિકાસચંન્દ્ર અખિલેશચંન્દ્ર શ્રી હાજર હોય અને તેઓ તમામને સ્થળ ઉપર સરકારી વાહનમાં બેસાડી લઈ ગયેલા અને આરોપી કાંતીભાઈ ખોડાભાઈ બજાણીયાએ બનાવના પંદરેક દિવસ અગાઉ સૂરજ ગામની સીમમાં આવેલ ઓ.એન.જી.સી.ના વેલ એન.કે. ૪૬૩ ઉપરથી આશરે ૩૦૦૦ લીટર જેટલુ તેલ એન્યુલશ વાલમાં ફલેન્જ લગાવી પાઈપ મારફતે ટાટા ગાડીમાં લઈ ગયેલ હોવાનુ જણાવતા સદરહુ ગુન્હાવાળી જગ્યાનુ અમોએ પંચો રુબરુ પંચનામું કરેલુ છે. મને આક-૨૪ વાળુ પંચનામું

બતાવવામાં આવે છે તે જોઈએ કહું છું કે તેમાં મારી સહી છે જે હું ઓળખું છું. વધુમાં આ કામના સાહેદ દક્ષેશકુમાર ધીરજકુમાર કે જેઓ ઓ.એન.જી.સી. મા સીકયુરીટી ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા તેઓએ પણ મારી સમક્ષ ગુન્હાવાળી જગ્યા બતાવવાનુ જણાવતા આ જગ્યા સૂરજ ગામની સીમમાં ઓ.એન.જી.સી.ના વેલ નોર્થ કડી નં.૪૬૩ ઉપર આવેલ હોય મેં તે બદલનુ પંચનામુ પંચોની હાજરીમા પંચો રુબરુ કરેલુ છે આ કામે આંક-૨૮ થી રજુ છે. તે જોઈને કહું છું કે તેમાં મારી સહી છે . જે હું ઓળખું છું. વધુમાં મારી તપાસ દરમ્યાન આરોપીઓએ બનાવના કામે ઉપયોગમા લીધેલ ટાટા કંપનીની મીની ટ્રક નં. જીજે-૧૫ એકસ - ૪૧૭૯ની રજુ કરી તે કડી પો.સ્ટે.માં કંમ્પાઉન્ડમાં પડેલ હોય તે ટ્રક તથા તેમાં રહેલ ૨૦૦ લીટરની કેપેસીટી વાળા બેરલો તથા ગુન્હાના કામે ઉપયોગમાં લીધેલ પાના પકકડ, કપલીન, ફલેન્ચ, વિગેરે તમામ પંચનામાની વિગતે કબજે લીધેલ હતા. જે પંચનામુ આ કામે આંક-૨૯ થી રજુ થયેલ છે તે જોઈને કહું છું કે તેમા મારી સહી છે જે હું ઓળખું છું.મારી તપાસ દરમ્યાન મેં લાગતા વળતા સાહેદોના નીવેદનો રેકર્ડ કરેલા છે. મને માર્ક ૭/૮ બતાવવામા આવે છે તે જોઈને કહું છું પોલીસ ઈન્સ્પેકટરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદનો પત્ર છે અને તે મુજબ કડી પો.સ્ટે. નો ગુ.ર.નં.૮૨/૨૦૧૬ થી નોંધાયેલ ગુન્હાના કામે આરોપીઓ તથા કરેલ તપાસના કાગળો તથા મુદ્દામાલ સોંપવા માટે કરેલ વિનંતી પત્ર છે જે મેં તપાસના કામે સામેલ રાખેલ છે જે ઉપર એ.એસ.આઈ.કડી ચમનજી કાનાજીની સહી છે જે હું ઓળખું છું જેને દાખલ આંક-૫૦ આપવામાં આવે છે. મને માર્ક ૭/૯ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે મારા ધ્વારા પી.એસ.ઓ. કડીને લખેલ યાદી છે તે મુજબ

આરોપીઓને અટક કર્યા અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરાવેલ છે જે મારા હસ્તાંક્ષરમાં તેમજ તે ઉપર મારી સહી છે જે હું ઓળખું છું જેને દાખલ અંક–૫૧ આપવામાં આવે છે. મને માર્ક ૭/૧૨ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે એફ.એસ.એલ.ને કરેલ રીપોર્ટ અન્વયે કરેલ પ્રાથમિક રીપોર્ટ છે જે મેં મારી તપાસના કામે સામેલ રાખેલ જેને દાખલ અંક–૫૨ આપવામાં આવે છે.મને માર્ક ૭/૧૩ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે ગુન્હાની તપાસ દરમ્યાન આરોપી રણવીરસિંહ જગદીશસિંહ ચૌહાણ ચોરીનો માલ વેચાણથી રાખતો હોવાનુ એટલે કે ચોરીનો માલ ખરીદીને પોતાના ગોડાઉનમા રાખતો હોવાનુ જણાતાં તે બદલ ઈ.પી.કો.ક.૪૧૧ તથા ૧૧૪ મુજબનો ગુન્હો બનતો હોય તે બદલનો કલમનો ઉમેરો કરવા માટેનો કરેલ અસલ રીપોર્ટ છે જે ઉપર મારી સહી છે જે હું ઓળખું છું જેને દાખલ અંક–૫૩ આપવામાં આવે છે. હું આરોપીઓને ઓળખું છુ તે પૈકી આરોપી નં.૨ રણવીરસિહ અને આરોપી નં.૪ તેજાજી કોર્ટમાં હાજર છે તેમને હુ ઓળખું છું . આરોપી નં.૧ અને૩ હાજર ન હોય તેઓને ચાર્જશીટ સાથે રજુ થયેલ ફોટા બતાવવામા આવે છે જે જોઈને છું કે આરોપી કાંતીભાઈ ખોડાભાઈ અને જેસંગજી રણછોડજી છે. મારી તપાસના કામે આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા પડતા હોય મેં ચાર્જશીટ ફાઈલ કરેલ છે.

એટલે કે **આ સાહેદની સોગંદ ઉપરની સરતપાસની** હકીકત ધ્યાને લેતાં તેઓની પાસે સદરહું ગુનાની તપાસ મળેલ છે ત્યારે ફરીયાદ તેમજ આરોપી તેમજ તે લગત પંચનામાની વિગત સાથેની તપાસ મળેલ

છે અને તે આધારે તેઓએ આગળની તપાસ કરી હાલના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જસીટ કરેલાનું જણાવેલ છે.

આ સાહેદે **બચાવ પક્ષની ઉલટ તપાસમાં** જણાવેલ છે કે, એ વાત ખરી છે કે જયાં સુધી બનાવ અંગેની તપાસ મારી તરફ આવેલ નહી ત્યાં સુધી બનાવ અંગેની મને જાત માહીતી ન હતી. એ વાત ખરી છે કે મારી સમક્ષ ગુન્હાની તપાસ આવી ત્યારે તે તપાસની સાથે મારી સમક્ષ આરોપીઓ, મુદ્દામાલ તેમજ ફરીયાદ આવેલ હતી. એ વાત ખરી છે કે મારી તપાસ દરમ્યાન એ હકીકત ખુલેલ છે કે આરોપીઓને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ધ્વારા મળેલ બાતમી આધારે પકડવામા આવેલ છે. એ વાત ખરી છે કે મારી તપાસ દરમ્યાન મારે બાતમી વાળી જગ્યા કે જયાં ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદે પંચો રુબરુ રેઈડ કરેલ હતી ત્યા તપાસના કામે જવાનુ થયેલ નથી. એ વાત ખરી છે કે બનાવની મળેલ બાતમીવાળી જગ્યા કે જયાંથી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદનાએ મુદ્દામાલ ઓઈલના બેરલો કબજે કરેલા તે સ્થળની આજુબાજુ રહેતા ઈસમોના નીવેદનો મેં લીધેલ નથી. મારી તપાસ દરમ્યાન મને એ હકીકત જાણવા મળેલ કે ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદે પાડેલ રેઈડ અન્વયે બાતમીવાળા સ્થળેથી તમામ આરોપીઓ મળી આવેલ હતા. મારી તપાસ દરમ્યાન મને એવી હકીકત જાણવા મળેલ કે બનાવ બાબતની બાતમી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદના પી.એસ.આઈ.શ્રી કે.જી.ચૌધરીને મળેલ હતી. એ વાત ખરી છે કે તપાસના કામે હું જે બનાવવાળા સ્થળે ગયેલો તે બનાવ વાળુ સ્થળ આરોપીએ ઓળખી બતાવેલ હતુ. એ વાત ખરી છે કે, આ બનાવવાળુ સ્થળ ઓ.એન.જી.સી.ના વેલ નં.૪૬૩ છે. એ વાત ખરી છે કે મેં ગુન્હાવાળી જગ્યાનુ પંચનામું કરેલ તે સ્થળ ઉપરથી ગુન્હાને લગતા

કોઈ સાધનો પાના, પકકડ, કપલીન, પાઈપ વિગેરે સ્થળ ઉપરથી મળી આવેલ ન હતા. એ વાત ખરી છેકે સ્થળ ઉપરથી ઓઈલ ભરેલ બેરલો પણ મળી આવેલ ન હતા. એ વાત ખરી છેકે આ કામના આરોપી રણવીરસિંહ જગદીશસિંહ ચોરીનો માલ ખરીદ કરવાનુ ગુનાહીત કૃત્ય કરે છે તે બદલનો કોઈ લેખીત આધારે તપાસના કામે મેં મેળવેલ નથી. એ વાત ખરી છેકે આરોપી રણવીરસિંહ વિરુધ્ધ ફરીયાદ વાળા ગુન્હા સિવાય અન્ય કોઈ ગુન્હો ઈ.પી.કો.ક.૪૧૧ મુજબનો નોંધાયેલ હોય તે હકીકત તપાસ દરમ્યાન ખુલેલ નથી. એટલે કે આ સાહેદનો પુરાવો નજર સમક્ષ રાખતાં તેઓની પાસે જયારે સદરહું ગુનાની તપાસ આવી ત્યારે આ કામે આરોપીઓની અટક થયેલ હતી અને મુદ્દામાલ પણ કબજે કરવામાં આવેલ હતો અને ત્યારબાદ તેઓએ આગળની તપાસ કરી માત્ર ચાર્જસીટ કરેલાની હકીકત રેકર્ડ ઉપર આવે છે એટલે કે આ સાહેદનો પુરાવો નજર સમક્ષ રાખતાં તેઓની તપાસ દરમ્યાન હાલના આરોપીઓની અટક કરવામાં આવેલ હોય અથવા તો તેઓએ કોઈ મુદ્દામાલ તેમની પાસેથી કબજે કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર નથી પરંતુ માત્ર આગળની તપાસ સંભાળી આરોપીઓ વિરૂધ્ધ ચાર્જસીટ કરેલાની હકીકત જણાઈ આવે છે.

(૨૧)... એ રીતે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લઈએ તો એ હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ છે કે, આ કામે જે આંક–૧૮ ની ફરીયાદ આપવામાં આવેલ છે તે પહેલા એટલે કે ફરીયાદ આપ્યા તારીખના ૧૫ થી

૨૦ દિવસ પહેલા ઓ.એન.જી.સી. વેલ નં. ૪૬૩ ઉપર ક્રુડ ઓઈલની ચોરી થયેલ છે અને તે ચોરીમાં કોઈની સંડોવણી હોવા બાબતે કોઈપણ વ્યકિત ધ્વારા કોઈ જાહેરાત કરવામાં આવેલ નથી કે તે બનાવના કોઈ નજરે જોનાર સાહેદ નથી. વધુમાં આ કામે ફરીયાદી પોતે પણ આ કામે બનાવના નજરે જોનાર સાહેદ નથી કે તેઓ ધ્વારા કોઈ આરોપીને સદરહું ગુનો કરતા નજરો નજર જોયેલ હોય તેવો પણ ફરીયાદ પક્ષનો કેસ નથી. એટલે કે આ કામે ફરીયાદીએ જે ફરીયાદ આપેલ છે તે ફકત અને ફકત અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ અધિકારીશ્રી કે.આઈ. જાડેજા ધ્વારા તારીખ ૦૭–૦૪–૨૦૧૬ નારોજ આરોપી કાન્તીભાઈ ખોડાભાઈ બજાણીયાને સાથે ઓ.એન.જી.સી. વેલ નં.૪૬૩ ઉપર લઈ આવી સદરહું ગુનાની જાહેરાત કરતાં તેઓને સદરહું બનાવની હકીકત જાણવા મળેલ છે અને તે હકીકત આધારે એટલે કે શ્રી કે. આઈ. જાડેજા ધ્વારા જે હકીકત જણાવવામાં આવેલ તે અન્વયે તેઓએ હાલની ફરીયાદ આપેલ છે. વધુમાં તે ફરીયાદમાં અન્ય આરોપીઓનો કોઈ રોલ હોય અથવા તો સંડોવણી હોય તેવી કોઈ હકીકત સ્પષ્ટ કરેલ નથી. એટલે કે ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતાં તેઓને બનાવની કોઈ જાત માહીતી હોય કે આરોપીઓની ગુના સંબંધીત સંડોવણી અંગે તેઓને અગાઉથી કોઈ જાણકારી હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર નથી અને ફરીયાદી પોતે હીયર–સે વીટનેશ તરીકે ફરીયાદ તેમજ સોગંદ ઉપરની જુબાની આપેલ છે. વધુમાં ફરીયાદ પક્ષના અન્ય મહત્વના સાહેદ દક્ષેશકુમાર ધિરજકુમાર જોષીનો પુરાવો ધ્યાને લેતાં તેઓ પણ સદરહું બનાવના કોઈ નજરે જોનાર સાહેદ નથી અને તેઓને પણ બનાવની હકીકતની જાણ શ્રી કે. આઈ.

જાડેજા દ્વારા આરોપી કાન્તીભાઈ બજાણીયાને બનાવ સ્થળે લઈ આવતાં અને તેમણે સદરહું હકીકતની જાહેરાત કરતાં બનાવ અંગેની જાણ થયેલ છે. એટલે કે આ સાહેદ કે જેઓ ઓ.એન.જી.સી. ના સુરક્ષા નિરીક્ષક તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેઓને બનાવની જાણ તારીખ ૦૭–૦૪–૨૦૧૮ નારોજ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીશ્રી કે.આઈ. જાડેજા દ્વારા થયેલ છે પરંતુ તે પહેલા તેઓને સદરહું તેલ કુવા ઉપર કોઈ ચોરી થયેલ હોવાની શંકા હોય અથવા તો તેઓને ચોરી થયેલાની જાણ થયેલ હોય અથવા તો તે અંગે તેઓએ કોઈ કાર્યવાહી કરેલ હોય તેવો ફરીયાદ પક્ષનો કેસ નથી તેમજ આ સાહેદને પણ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ બનાવની કોઈ જાતમાહીતી નહોઈ તેમનો પુરાવો પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી.

(૨૨)... આ કામે ફરીયાદ પક્ષે આ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રેકર્ડ ઉપર નથી તેમજ આ કામે ફરીયાદી તેમજ સાહેદ દક્ષેશકુમારને બનાવની હકીકતની જાણ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ અધિકારીશ્રી કે. આઈ. જાડેજા દ્વારા થયેલ હોવાનો ફરીયાદ પક્ષનો કેસ છે પરંતુ શ્રી કે. આઈ. જાડેજાને આ કામે ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ નથી જેથી આ કામે શ્રી જાડેજા દ્વારા જે ફરીયાદી તેમજ સાહેદ દક્ષેશકુમારને જે બનાવની જાણ કરવામાં આવેલ છે અને તેમના દ્વારા ફરીયાદી અને સાહેદ દક્ષેશકુમારે હાલના આરોપીની સંડોવણી તેમજ ક્રુડ ઓઈલની ચોરીની હકીકત જાણેલાનું જણાવેલ છે તે હકીકત હીયર–સે પ્રકારનો પુરાવો બની જાય છે અને જેથી તે પુરાવો ગ્રાહય રાખી શકાય તેમ

નથી. વધુમાં આ કામે આરોપી કાન્તીભાઈ ખોડાભાઈ તેમજ ચૌહાણ રણવીરસિંહ જગદીશસિંહ સિવાય અન્ય બે આરોપી ઠાકોર જેસંગજી તથા તેજાજી સરદારજીનાઓને સદરહું ગુનાહીત કૃત્યમાં શું ભાગ ભજવેલ છે અથવા તો તેઓએ સદરહું ગુનામાં કઈ રીતે મદદગારી કરેલ છે અથવા તો ગુનાહીત કૃત્ય કરેલ છે તે અંગે પણ લેશમાત્ર કોઈ પુરાવો રજુ થયેલ નથી.

(૨૩)... આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પોલીસ સાહેદોનો પુરાવો નજર સમક્ષ રાખીએ તો જયારે ઓઈલ ચોરીનું ટેન્કર કબજે કરવામાં આવેલ છે ત્યારે તે જગ્યા હાલના આરોપીઓની હોવા અંગે તેમજ તેમાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે તે હાલના આરોપીઓ દ્વારા ચોરી કરી લાવવામાં આવેલ હોવા અંગેનો કોઈ આધારભુત અને માનવાલાયક પુરાવો રેકર્ડ ઉપર નથી તેમજ સદરહું મુદ્દામાલ જે પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલ છે તે પંચો પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી જેથી આ કામે મુદ્દામાલ આરોપીઓની પાસેથી કબજે કરવામાં આવેલાની હકીકત ફરીયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર થયેલ નથી.વધુમાં આ કામે ફરીયાદ પક્ષે ગુનાવાળી જગ્યાના તેમજ ગુનાવાળી જગ્યાએથી ચીજવસ્તુ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદો પણ ફરી ગયેલા જાહેર થયેલ છે અને તેમની જુબાનીમાં સદરહું પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી એટલે કે પંચ સાહેદોના પુરાવાથી પણ ફરીયાદ પક્ષની હકીકતોને સમર્થન મળેલ નથી.

(૨૪)... એ જ રીતે તપાસ કરનાર અમલદારે જે તપાસ કરેલ તે મુજબની જુબાની આપેલ છે અને ફરીયાદ પક્ષના અન્ય સાહેદોની જુબાનીમાં આવેલ

વિરોધાભાસ સાબિત કરવાનો પ્રયત્ન કરેલ છે પરંતુ ઉપરોકત સાહેદ તે માત્ર પોલીસ સાહેદ છે અને તેઓને બનાવની કોઈ જાત માહીતી નથી તેઓએ માત્ર અને માત્ર ગુનો દાખલ થતાં તેની તપાસ કરેલ છે. પરંતુ કાયદાકીય જોગવાઈઓ તેમજ પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં પોલીસ નિવેદનની વિગત માત્ર સાહેદોની વિશ્વાસનીયતા ચકાસવા માટે થઈ શકે. આ નિવેદનોનો ઉપયોગ સમર્થનકર્તા પુરાવા તરીકે થઈ શકે નહી. સદર સાહેદની તપાસ દરમ્યાન જે હકીકતો ખુલવા પામેલ છે તે હકીકતો આધારે આરોપીને સજા કરી શકાય નહી કારણ કે તેમના પુરાવાને અન્ય સાહેદોના પુરાવાથી પણ સમર્થન મળવું જરૂરી છે પરંતુ આ કામે ખુદ ફરીયાદી તેમજ સાહેદ દક્ષેશકુમારની જુબાની ધ્યાને લેતાં તેઓને બનાવની જાતમાહીતી નથી તેમજ તેઓ હીયર–સે પ્રકારનો પુરાવો આપે છે જેથી ફરીયાદ પક્ષની હકીકતોને સમર્થન મળતું નથી.

(૨૫)... એટલે કે આ કામે ઉપરોકત સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં એ હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ છે કે આ કામે ફરીયાદી તેમજ સાહેદ દક્ષેશકુમાર બનાવના નજરે જોનાર સાહેદ નથી તેમજ આ કામે ફરીયાદ પક્ષના કેસ મુજબનો ચોરીનો બનાવ બનતાં કોઈએ જોયેલ હોવાનો ફરીયાદ પક્ષનો કેસ નથી. આ કામે એ હકીકત પણ સ્પષ્ટ છે કે, ફરીયાદ પક્ષના કેસ મુજબની ચોરીનો બનાવ ફરીયાદ આપ્યાના ૧૫ થી ૨૦ દિવસ પહેલાનો છે અને તે અંગે અગાઉથી ફરીયાદી કે સાહેદ દક્ષેશકુમારને તેની જાણ હોવાનો પણ ફરીયાદ પક્ષનો કેસ નથી પરંતુ પાછળથી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ અધિકારીશ્રી કે.આઈ.

જાડેજા દ્વારા જયારે આરોપી કાન્તીભાઈ બજાણીયાને તેમની પાસે લાવી આ કામે ચોરીના ગુનાની જાહેરાત કરવામાં આવતાં તેઓને બનાવની જાણ થયેલ છે. એટલે કે આ કામે પોલીસ કસ્ટડી દરમ્યાન આરોપી દ્વારા કોઈ ગુનાહીત કૃત્યની કબુલાત કરવામાં આવેલ હોય તો તે કાયદાકીય પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતાં તેવી કબુલાત પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહી અને તે આધારે કરવામાં આવેલ સમગ્ર તપાસમાં જયારે આરોપી અને ફકત આરોપીની જ સંડોવણી પ્રસ્થાપિત થતી હોય ત્યારે ફરીયાદ પક્ષનો કેસ સાબિત માની શકાય એટલે કે શંકા રહિત પુરાવાથી તે હકીકત ફરીયાદ પક્ષે પુરવાર થવી જરૂરી છે પરંતુ આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ શ્રી કે. આઈ. જાડેજાને ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ ન હોઈ તેમનો મહત્વનો પુરાવો રેકર્ડ ઉપર આવી શકેલ નથી તેમજ આ બનાવ બાબતે અને આરોપીઓની ગુનાહીત કૃત્યમાં સંડોવણી અંગે તેઓ દ્વારા કોઈ પ્રકાશ પાડવામાં આવી શકેલ નથી જેથી ફરીયાદ પક્ષના અન્ય સાહેદો કે જેઓ ફકત અને ફકત હીયર–સે પ્રકારનો પુરાવો આપતા હોઈ ફરીયાદ પક્ષનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ રહેલાનું જણાઈ આવે છે.

જેથી ઉપરોકત સમગ્ર હકીકતો ધ્યાને લેતાં આ કામના આરોપીઓ વિરૂધ્ધ આંક–૧૧ થી ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબ ઈ. પી. કો. કલમ ૩૭૯, ૪૧૧, ૧૧૪ તથા આવશ્યક ચીજવસ્તુ ધારા અધિનિયમ કલમ ૩, ૭ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેઝ એકટ ૩, ૭ તથા પેટ્રોલીયમ મીનરલ પાઈપ લાઈન એકટની કલમ ૧૫(૨) (૩) (૪)

મુજબનો શિક્ષાપાત્ર ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ રહેલ છે તેમ ઠરાવી ઉપરોકત ચર્ચાને અંતે **મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારાત્મકમાં** આપી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: હુ ક મ :: -

- આરોપીઓને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૩૫(૧) અન્વયે ઈ. પી. કો. કલમ ૩૭૯,૪૧૧, ૧૧૪ તથા આવશ્યક ચીજવસ્તુ ધારા અધિનિયમ કલમ ૩, ૭ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેઝ એકટ ૩, ૭ તથા પેટ્રોલીયમ મીનરલ પાઈપ લાઈન એકટની કલમ ૧૫(૨)(૩) (૪) મુજબના ગુનામાં પુરતા પુરાવાના અભાવે **દોષીત ન ઠરતાં છોડી મુકવાનો** હુકમ કરવામાં આવે છે.
- અપીલ સમય વિત્યા બાદ **કિંમતી મુદ્દામાલ** અંગે વિ. જયુડી.મેજી.ફર્સ્ટ કલાસશ્રી, કડીનાએ પક્ષકારોને નોટીસ કાઢી તેઓને સાંભળી યોગ્ય ઈન્કવાયરી કરી કિંમતી મુદ્દામાલ અંગે નિર્ણય કરવો તેમજ બાકીના બિન કિંમતી મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

- <u>પ્રત્યેક</u> **આરોપીએ** ક્રિ. પ્રો. કોડની કલમ ૪૩૭ (એ) મુજબ રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ હજાર) પુરાના જામીન આપવા.
- જરૂરી યાદી કરવી.

ઉપરોકત હુકમ આજ રોજ તારીખ ૦૯ માહે જુલાઈ, સને ૨૦૧૮ નારોજ ખુલ્લી અદાલત મધ્યે જાહેર કર્યા.

તારીખઃ–૦૯–૦૭–૨૦૧૮
સ્થળઃ– મહેસાણા.

**(દિવ્યેશકુમાર અમૃતલાલ જોષી)**
**સેશન્સ જજ, મહેસાણા.**
**Judge code–GJ**00 907.